**શ્રીમતી અમીબેન ચેતનભાઈ ધોળકિયાને સૌ પરિવારજનો તરફથી**
**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ સ્મરણાંજલિ**

**જન્મ : ૨૨-૧૨-૧૯૬૬**



**મૃત્યુ : ૨૬-૪-૨૦૧૦**

'સુની થઈ ગઈ દિવાલો, સૂના થઈ ગયાં ઘરનાં આંગણાં,
પ્રેમથી આવકારો દેનારા એ નહીં મળે તે જીવન એવું જીવ્યાં કે
જોનારા પણ જોયા કરે...'
કર્મ એવાં કર્યાં કે સૌના હૃદયમાં ગૂંજ્યા કરે
દુઃખથી ડર્યાં નથી, ધર્મ એનો ભૂલ્યાં નથી

તબીબની એક નિષ્કાળજીને કારણે કેન્સર જેવા ભયાનક રોગમાં સપડાયાં, પરંતુ હસતે મોઢે સ્વીકાર કરી લડત આપવામાં કુદરત સામે પણ ડગ્યાં નથી.

જેનો જન્મ તેનું મૃત્યુ તો નિશ્ચીત જ છે પરંતુ મૃત્યુને પણ શરમાવે તેવી વિદાય થઈ ગઈ પરંતુ મન કોઈનું માનવા તૈયાર નથી.

અમારી ફરીયાદ એ જ કે અમે તેમને ફરી ફરીને પણ યાદ તો કરીએ છીએ પરંતુ ઈશ્વર સાંઈબાબા કહો કે હાટકેશ કહો...જે થયું તે ખૂબ જ ખોટું થયું છે, તેની ફરીયાદ કોને કરીએ ?

જીવનમાં અધૂરી આશાઓ મૂકી જીવન ખુબ જ થોડું જીવ્યાં પણ તમારી સહનશીલતા જોઈ સૌ કોઈનું હૃદય હચમચી જાય છે.

આંખમાં આંસુ આવે છે ત્યારે તમો યાદ આવો છો...પરંતુ તમારી યાદ સાથે આંસુઓને રોકી નથી શકાતાં.

છેલ્લે એટલું જ કે ખોબો ભરીને અમે એટલું હસ્યાં કે કૂવો ભરીને અમે રોઈ પડયાં.

ઈશ્વર તેના અંતરાત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના તથા સૌ કુટુંબીજનોને આવી પડેલા આઘાતને જીરવવાની શક્તિ સાથે પ્રેરણા આપે તેવી અભ્યર્થના.

જય હાટકેશ...ૐ સાંઈરામ...જય હાટકેશ
ૐ નમઃ શિવાય...ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ચેતનભાઈ ધોળકિયા**
**તથા સમગ્ર પરિવાર – વડોદરા**

## ALOHA
### Whole Brain Development

આપ સર્વની શુભેચ્છાથી યુનિવર્સિટી રોડ ઉપર આવેલ **અલોહા સેન્ટરનું** સંચાલન અમે સંભાળેલ છે. જેમાં ૪ થી ૧૪ વર્ષના બાળકો **કેલ્ક્યુલેટર** વગર દાખલા ગણી શકે તેવી તાલીમ આપવામાં આવે છે. જે બાળકોને અભ્યાસ ઉપરાંત જીવનના તમામ ક્ષેત્રે પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવે છે. આ ઉપરાંત **અલોહા સેન્ટર** ૬ થી ૧૪ વર્ષની ઉંમર માટે **'ઈંગ્લીશ સ્માર્ટ કોર્ષ'** કરાવે છે. જેના દ્વારા બાળકને અંગ્રેજી વિષય તરીકે નહીં પરંતુ ભાષા (લેંગ્વેજ) તરીકેની **સાયન્ટીફીક** પધ્ધતિ દ્વારા તાલીમ આપવામાં આવે છે.

**અલોહા સેન્ટર રોયલ એકેડેમી**

**(ધ્રુવ એમ. મંકોડી, મો. ૯૮૨૪૨૩૧૧૬૫)**

પ્રિન્સ પેલેસ સામે, એસ.એન.કે. પાસે,
યુનિ. રોડ રાજકોટ.

**FOCUS**
English Training Academy

આપ સર્વની શુભેચ્છાથી અમોએ-Shree Edurserve Pvt. Ltd. (ISO 9001:2008) Jaipur બેઇઝ કંપનીની ફ્રેન્ચાઇઝી લીધેલ છે. જેની ભારતભરમાં ૭૦ શાખાઓ કાર્યરત છે. **FOCUS** ના નામે સરળતાથી સમજી શકાય તે પ્રમાણે **ઓડિયો-વિઝયુઅલ એનીમેટેડ પધ્ધતિ દ્વારા સ્પોકન ઈંગ્લીશ** શીખવવામાં આવે છે.

**જ્ઞાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી માફ**

**HI SCORE**™
better learning better marks

**CBSE Std. 6 to 10નાં વિદ્યાર્થીઓને ઓડિયો- વિઝયુઅલ જેવી સરળ તથા આધુનિક પધ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.**

**(ધ્રુવ એમ. મંકોડી, મો. ૯૮૨૪૨૩૧૧૬૫)**

'કરૂણાનિધાન' બીજે માળે, ટ્રાન્ઝીટ પાસે,
કોટેચાચોક, યુનિ. રોડ રાજકોટ.

## -- Shri Hatkesh Travels --

7 Kailesh Park, B/h. Natraj Nagar, Uni. Road, Rajkot
Dear Sir / Madam,
Do you Travel,....If Yes,
do Travel with **Shri Hatkesh Travels,** Rajkot.
Why Us ? We Provide **Authentic e-booking** for.....

- Air Ticket Booking, ● Rail Ticket Booking *.
- All over India **Travels Bus Ticket** Booking.
- Well-Maintained **Luxurious Cars** & All A + Cars are provided with DVD players & All this with courteous staff & Very affordable Price. Available to All over India. ● Hotel Booking Holiday Packages
- International Packages available

**Your Support is all we expect. Call Us, 24 X 7 on**

**Shri Hatkesh Travels, Rajkot.**

**Devarshi Pathak - 98257 10296 - 94295 78295,**
**Niraj Pathak - 98252 10278 - 97220 59991**
shrihatkeshtravels@gmail.com
* Ex. Rs. 30/- for 2nd cl. & 40/- for Higher Cl. per ticket


## સ્મરણાંજલિ

અહીં પ્રસિધ્ધ કરવાની થતી આપ બન્નેની તસવીર અમારા હૃદયમાં અંકિત છે.

**સ્વ. શ્રી નરેન્દ્રભાઈ મારૂ**
**સ્વ. ઈલાબેન મારૂ**

જીવનનો એ જ સાચેસાચ પડઘો હોય છે,
હોય ના વ્યક્તિ એનું નામ બોલાયા કરે.

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ આપ બન્નેને શ્રધ્ધાંજલિના બે પુષ્પ અર્પણ કરીએ છીએ.

**। ૐ નમઃ શિવાય ।**

## કુ. દ્રષ્ટિ ધોળકિયા યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને



મૂળ ભુજના અમદાવાદ સ્થિત હર્ષવદન જાદવરાય ધોળકિયા તથા શ્રીમતી બેલા હર્ષવદન ધોળકિયાનાં પુત્રી કુ. દ્રષ્ટિએ એમ.બી.એ.(ફાઇનાન્સ)ના પ્રથમ સેમેસ્ટરમાં તેણીની કોલેજમાં પ્રથમ તથા સમગ્ર ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીમાં બીજાં સ્થાને ઉત્તીર્ણ થઈ કુટુંબને ગૌરવ બક્ષેલ છે.કુ. દ્રષ્ટિ જીટીયુ સંલગ્ન ગુજરાત લો સોસાયટી સંચાલિત બીઝનેસ સ્કૂલમાં અભ્યાસ કરી રહેલ છે. અભિનંદન.

## હર્ષિત કચ્છીએ IIMમાં પ્રવેશ મેળવ્યો



અમદાવાદ સ્થિત શ્રી મૌલિનભાઈ કચ્છી અને શ્રીમતી હિનાબેન કચ્છીના પુત્ર હર્ષિત કચ્છી રાજકોટ ખાતેની વીવીપી એન્જીનીયરીંગ કોલેજમાંથી બી.ઇ. (સી.ઇ)નો અભ્યાસ કરી બેંગલોર ખાતેની અમેરીકન કંપની ઈન્ટયુઇટ કંપનીમાં સોફટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવી રહયા છે. વ્યસ્ત નોકરીની સાથે CATની પરીક્ષામાં ૯૮.૩ પર્સેન્ટાઇલ સાથે ઉત્તીર્ણ થઈ IIM બેંગલોર ખાતે MBAના અભ્યાસ અર્થે જોડાયા. તેમની આ ધગશ અને તમન્ના પ્રેરણાદાયક છે. હર્ષિત કચ્છી અત્યારની બેચમાં ૨૫ વર્ષની વયના સૌથી નાની વયના વિદ્યાર્થી છે.

ભાઇ હર્ષિત સ્વ. નૂતનભાઈ તથા ગં. સ્વ. નલિનીબેન કચ્છીના પૌત્ર અને શ્રી સુરેશભાઈ તથા જશ્મીનભાઈ છાયાના દોહિત્ર થાય છે. અભિનંદન સાથે પ્રગતિના પંથ કંડારતા રહો તેવી શુભેચ્છા.

## જટાયુ બક્ષી બી.ઇ. થયા



જૂનાગઢ સ્થિત શ્રીમતી કિરણબેન અને હર્ષિતભાઈ બક્ષીના પુત્ર જટાયુ બક્ષી નડીયાદ ખાતેની ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીમાંથી બી.ઇ. (સી.ઇ)માં ૭૪.૪% સાથે ઉત્તીર્ણ થયા. ભાઇ જટાયુ સ્વ. મનુભાઈ કાન્તીલાલ બક્ષી તથા સ્વ. નયનસુતાબેન મ. બક્ષીના પૌત્ર તથા સ્વ. ધનસુખરાય મુગટરાય વસાવડા અને સ્વ. કૌશલ્યાબેન ધ. વસાવડાના દોહિત્ર થાય.

## ચિન્મય હાથીની સિદ્ધિ



રાજકોટના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો. ઉજ્જવલ ચંદ્રકાન્ત હાથીના પુત્ર ચિ. ચિન્મય હાથીએ ધો. ૪ની નેશનલ બાયોટેકનોલોજી ઓલિમ્પીયાડમાં રાષ્ટ્રીય કક્ષાએ ૧૧મું સ્થાન તેમજ 'ઇન્ટરનેશનલ ઈંગ્લીશ ઓલિમ્પીયાડ'માં રાજકોટ શહેરમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સર્ટીફીકેટસ, મેડલ અને સ્કોલરશીપ મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

## ક્યૂટ એન્ડ હેલ્ધી બેબી વેનિશા દેસાઈ



રાજકોટ સ્થિત ભાવેશ દેસાઈ અને શ્રીમતી જલ્પા દેસાઈનાં પુત્રી ચિ. વેનિશાએ ત્રણ વર્ષની બાળ વયે તાજેતરમાં ઓપન રાજકોટ હેલ્ધી બેબી કોમ્પીટીશન અંતર્ગત સુંદર હાસ્ય અને દાંત વિભાગમાં પ્રથમ પારિતોષીક મેળવ્યું. આ ઉપરાંત જેસીઝ કલબ રાજકોટના ઉપક્રમે યોજાયેલ તંદુરસ્ત બાળ સ્પર્ધામાં પણ 'વેલ ગ્રુમ્ડ બેબી' ટાઈટલ મેળવ્યું. આ લીટલ બેબીએ પોતાની સ્કૂલના વાર્ષિકોત્સવમાં ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન તથા જૂનાગઢ ખાતે યોજાયેલ 'દિપોત્સવી-૨૦૧૦'માં ડાન્સમાં ભાગ લઈ પ્રથમ વિજેતા બનેલ. આમ, ચિ. વેનિશાએ ૨ વર્ષમાં ૪થી વધુ એવોર્ડઝ તથા અસંખ્ય ઈનામો મેળવ્યાં છે.

# -.-.-.- સમાચાર સંચય -.-.-.-

✷ **રાજકોટ :** જૂનાગઢના રાજકોટ સ્થિત શ્રી ભાવેશ મુનિન્દ્રભાઈ દેસાઈ 'બીરલા પાવર કંપની'માં ગુજરાત હેડ -ડીજીએમ-(કોર્પોરેટ)પદે નિયુક્ત થયા.

✷ ભૂષણ મહેશભાઈ ધોળકિયાએ એચજય સ્ટીલ્સ પ્રા. લી. કંપનીમાં એકઝીકયુટીવમાંથી આસી. મેનેજર તરીકે બઢતી મેળવી.

✷ શ્રી મિતેષ પાઠક Edelweiss Tokio Life Insurance Co.માં રીજીયોનલ ડેવ. મેનેજર (ટ્રેઇનીંગ) તરીકે અમદાવાદ ખાતે જોડાયા.

✷ ચિ. મીનલ નિહાર વસાવડા સીસ્ટર નિવેદીતા સ્કૂલ આયોજીત સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધામાં પ્રથમ વિજેતા થયાં.

✷ તેજસ ધનંજય દેસાઈ (એમસીએ) ઈન્ફોસીસ કંપનીમાં સિનિયર સોફટવેર એન્જીનીયર તરીકેની બઢતી સાથે કંપની તરફથી અમેરીકા જવા રવાના થયા.

✷ કુ. કિન્નરી અજયભાઈ વૈશ્નવ બી.ઇ.(સી.ઇ)સેમે.-૭માં ૭૮% સાથે યુનિ.માં ત્રીજાં અને કોલેજમાં દ્વિતીય સ્થાન સાથે ઉત્તીર્ણ થયાં.

✷ અ. ભા. ના. પરિષદ દ્વારા તા. ૧૨/૬/૧૧ના રોજ કપલ (૨વ્યકિત) અંતાક્ષરીનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૫/૬ સુધીમાં શ્રી જયકાંતભાઈ છાયા અથવા ચેતન છાયાનો સંપર્ક કરી નામ નોંધાવી દેવાના રહેશે.

✷ **અમદાવાદ :** એડવોકેટ હર્ષિલ જયેશભાઈ ધોળકિયા ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસો.ની કારોબારીની ચૂંટણીમાં કારોબારી સભ્ય તરીકે બહુમતિથી ચૂંટાય આવ્યા.

✷ ગુજરાત રાજ્યની સ્ટેટ બાર કાઉન્સીલની ૫૦ વર્ષની સ્થાપના જયંતિના ઉપલક્ષ્યમાં પાંચ હજાર વકીલોની હાજરીમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૫૦ વર્ષથી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા વકીલોનું પ્રશસ્તિપત્ર -શાલ આપી બહુમાન કરવામાં આવ્યું જેમાં જ્ઞાતિના ત્રણ ખ્યાતનામ વકીલોમાં ભુજના શ્રી વીપીનભાઈ અંતાણી, જૂનાગઢના પ્રફુલ્લભાઈ નાણાવટી તથા અમદાવાદના શ્રી પ્રદ્યુમ્નભાઈ હાથીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

✷ ગત માસમાં શ્રી જલેન્દુભાઈ છાયા તરફથી કુ. ધરાને શુભેચ્છા પાઠવતી જાહેરાતમાં અમારી શરતચૂકથી હર્ષેન્દુ એમ. છાયા તથા શ્રીમતી દામિની હ. છાયા તથા ચિ. કથા જલેન્દુ છાયાના નામ છાપવાના રહી ગયેલ તેથી દરગુજર સાથે પ્રસિધ્ધિ આપવી ઘટે.-તંત્રી

✷ જીપીનભાઈ કનકપ્રસાદ ધોળકિયાનાં પુત્રી કુ. કૃતિ સી. એ. ફાઇનલમાં ઉત્તીર્ણ થયાં.

✷ **જૂનાગઢ :** અ.ભા.ના.પરિષદની મહિલા પાંખ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે હાટકેશ્વર મંદિરમાં તા. ૯/૪ના રોજ સાંજે ૫થી ૮ દરમ્યાન વિવિધ ગ્રુપમાં બેઠા ગરબાનું આયોજન કરવામાં આવેલ.દરેક ગ્રુપને રૂા. ૫૧નો પુરસ્કાર અપાયેલ તથા સૌનું ઠંડાપીણાથી સ્વાગત કરાયેલ.

✷ શાપર ખાતે પથુભાઈ વૈદ્યને ત્યાં વર્ષોથી ચાલતા આરાસુરી ગરબા મંડળના ગરબાનું મંડળના પ્રમુખશ્રી કિશોરભાઈ વસાવડા, બલભદ્રભાઈ વૈશ્નવ તથા ઈન્દ્રેશભાઈ વૈશ્નવના નેતૃત્વમાં તા. ૧૦/૪ના રોજ સાંજના ૬ થી ૯ સુધી સફળ આયોજન થઈ ગયું. ૧૦૦ જેટલા બંધુઓએ ઉત્સાહભેર લાભ લીધેલ.અંતમાં મહાશ્વેતાબેન વૈદ્ય તરફથી ભોજન ફરાળની વ્યવસ્થા તથા વાહનની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

✷ મહાશ્વેતાબેન વૈદ્યના નેજાં હેઠળ અ.ભા.ના.પરિષદ દ્વારા ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે તા. ૧/૫ના રોજ ગીર કનકાઈ,સતાધારના પ્રવાસનું સફળ આયોજન થઈ ગયું. જેમાં ૧૧૦ બંધુઓએ જોડાયને પ્રવાસનો આનંદ માણ્યો હતો.

✷ મહાશ્વેતાબેન વૈદ્યે શ્રી હાટકેશ્વર સંસ્થાના પાટોત્સવ ફંડમાં રૂા. ૫૧ હજારની માતબર રકમનું અનુદાન આપી ઉદાત જ્ઞાતિભાવનાનું ઉદાહરણ પુરૂં પાડયું. એક સમયે મહાશ્વેતાબેન વૈદ્ય શ્રી હાટકેશ્વર સંસ્થાના પ્રમુખ હતાં ત્યારે તેઓએ પાટોત્સવ માટે કાયમી ફંડ ઉભું કરવા સૂચન કરેલ. જે આજે અમલમાં છે અને આ ફંડમાં ત્રણ

લાખ જેવી રકમ જમા થયેલ છે. જેના વ્યાજ અને અનુદાનથી જ 'નાત'નું આયોજન થાય છે અને નાના મોટાના કોઈ જ ભેદભાવ વગર સાથે મળીપ્રસાદ ભોજન લે છે. દાતાઓ અને આયોજકો અભિનંદનના અધિકારી છે.

✸ શ્રીમતી કિરણબેન હર્ષિતભાઈ બક્ષી બહાઉદીન વિજ્ઞાન કોલેજમાં ૩૪ વર્ષની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી નિવૃત્ત થયાં.

✸ શ્રી નીરજભાઈ વૈશ્નવ દંપતી બેંગકોક, મલેશીયા, સીંગાપોરના પ્રવાસે જઈ આવ્યા તથા શ્રી બકુલેશભાઈ આચાર્ય, રમેશભાઈ બુચ, વિમલભાઈ વોરા દંપતી નેપાળ ગોરખપુરના પ્રવાસે જઈ આવ્યા ગત માસમાં આ સર્વને શુભેચ્છા પાઠવવાનો એક કાર્યક્રમ જૂનાગઢ સમગ્ર નાગરી પરિવારના પ્રમુખશ્રી તથા કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં નીરજભાઈના નિવાસસ્થાને યોજાયો હતો.

✸ સ્નેહલ વિજેશકુમાર વૈશ્નવ ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ એમસીએ. સેમે.-૫માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

✸ કુ. યેષા કેયૂર ધોળકિયા બી.ડી.એસ.ના ચોથાં વર્ષમાં ૫૮% સાથે ઉત્તીર્ણ થયાં.

✸ **વડોદરા :** શ્રીમતી લેખા રાજેન્દ્ર હાથીએ ચિત્રલેખાના શબ્દસંધાન સ્પર્ધામાં રૂા. ૧૫૦૦/ના ગીફ્ટ હેમ્પરનું પ્રથમ ઈનામ મેળવ્યું.

✸ શ્રી પ્રતીક અંજારીયા તલાટી એન્ડ તલાટી કંપનીમાં જોડાયા.

✸ અત્રેના શ્રી હીતેષ બુચે ગાંધીનગર ખાતે યોજાયેલ બેંક ઓફ ઈન્ડીયાની ઈન્ટરઝોન ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં ત્રીજું સ્થાન મેળવી રાજકોટ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયાની ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.

✸ તાજેતરમાં મહાબલીપુરમ્ (ચેન્નાઈ) ખાતે તામીલનાડુ પ્રવાસન તરફથી પરદેશના ટૂરીસ્ટ માટે યોજાયેલ નૃત્યના કાર્યક્રમમાં હિના અનીલ વોરાનાં પુત્રવધૂ તથા ખ્યાતિબેન કિરીટભાઈ પોટાનાં પુત્રી સિદ્ધિ રીષી વોરાએ ભાગ લઈ આવ્યાં. તેઓ ચેન્નાઈ ખાતે શાળાઓમાં કોરીઓગ્રાફર તરીકે પણ સેવા આપે છે.

✸ **આદીપુર :** સાકેત શરદભાઈ ઝાલા સીકયોર મીટર પ્રા. લી.માં મેનેજર તરીકે બઢતી સાથે ઉદેપુર બદલાયા.

✸ **વેરાવળ :** દૈનિક દિવ્યભાસ્કરમાં ફરજ બજાવતા અત્રેના શ્રી ધર્મેશ વૈદ્ય મહેસાણાથી જૂનાગઢ ખાતે ડેપ્યુટી એડીટર તરીકે નિમણુંક પામ્યા.

✸ **પોરબંદર :** કુ. ધારણા આર. ઓઝા એમ.એસ.સી. (આઈટી)ના ચોથા સેમે.માં ૯૦% સાથે ઉત્તીર્ણ થયાં અને અત્રેની એચસીએલ. કાું. લી.માં કાઉન્સેલર તરીકે જોડાયાં.

## -.-.-.- સગપણ - સગાઈ -.-.-.-

卐 ઓસ્ટ્રેલીયા સ્થિત શ્રી દિપક કનકપ્રસાદ મંકોડીના પુત્ર જાગીરનુંસગપણ લંડન સ્થિત નિરાલી યોગેશભાઈ બુચ સાથે.

卐 વડોદરા નિવાસી કૃતાર્થ હરીશધોળકિયાનું સગપણ ભાવનગર નિવાસી કંગના હિમાંશુ ઓઝા સાથે.

卐 અમદાવાદ સ્થિત નીલય ઓજસ ત્રિવેદીનું સગપણ અમદાવાદ સ્થિત મૈત્રી ધીરેન ત્રિવેદી સાથે.

卐 રાજકોટ સ્થિત મનોજભાઈ નયનસુખભાઈ ઓઝાના પુત્ર શૈલનું સગપણ જૂનાગઢના ધૈર્યવદન પ્રભુભાઈ વસાવડાનાં પુત્રી ડો. રન્ના સાથે.

卐 જામનગર સ્થિત અરૂણભાઈ જનાર્દનભાઈ દેસાઈનાં પુત્રી જલ્પાનું સગપણ વડોદરા સ્થિત રોનક શીરીષભાઈ માંકડ સાથે.

卐 અદિતી અંબરીષભાઈ રીંડાણીનું સગપણ અમદાવાદ સ્થિત સુનીત યોગેશભાઈ રાવલ સાથે.

卐 વેરાવળના દિનેશભાઈ વૈદ્યના પુત્ર પૂરવનું સગપણ જોધપુર (રાજસ્થાન) નિવાસી અતુલભાઈ બુચનાં પુત્રી નિષ્ઠા સાથે.

卐 વડોદરા સ્થિત ચંદ્રેશ બટુકરાય નાણાવટીના પુત્રી ઘટનાનું સગપણ અમદાવાદ સ્થિત શ્રી હરિસિધ્ધ કૌસ્તુભરાય મજમુદારના પુત્ર મનન સાથે.

**નોંધ :** સંજોગોવશાત સમયના અભાવે વિસ્તૃત સમાચારો, પાટોત્સવના તેમજ અન્ય ઘણા સમાચારો, જાહેરાતોને લઈ શકાયેલ નથી...આવતા અંકમાં અગ્રતા સાથે સમાવવામાં આવશે. ક્ષમાપ્રાર્થી તંત્રી.

# ----- લગ્નવિષયક જાહેરાત -----

લગ્ન વિષયક જાહેરાતના ફોન નંબર મેળવવા કાગળ, પેન તૈયાર રાખી સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન માત્ર ૦૨૮૧- ૨૪૫૩૦૬૩ ઉપર જ ફોન કરશો. -તંત્રી

(૧) એમ.એ. જ. તા. ૬/૧૯૮૯, ઉંચાઈ ૫'.૬"/૫૮ કાશ્યપ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૨) બી.કોમ., ડીપ.ઈન ટ્રેનીંગ, જ. ૮/૧૯૮૪, ઉંચાઈ ૬' એરટેલ કંપનીમાં ટ્રેનીંગ મેનેજર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૩) એફ. વાય. બીકોમ, જ. ૧૧/૧૯૮૭, ઉંચાઈ ૫'.૧૦" સ્વતંત્ર વ્યવસાય તથા બી.એસ.સી, એનએસસીના આઈડી કલાયન્ટ ગાંગ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧- મો.

(૪) બી.કોમ.,૨/૧૯૮૫ ઉંચાઈ ૪'.૯" શિક્ષણ વ્યવસાય સાથે સંકળાયેલ માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૯-

(૫) એમબીબીએસ., ડીજીઓ, જ. ૨/૧૯૮૬ વ. ના. કન્યા માટે સમકક્ષ યુવક. મો.

(૬) એમ.કોમ., જ. ૩/૧૯૮૫, ઉંચાઈ ૫'.૧" શરમન ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૩૨-

(૭) એમબીએ.,બી.ઇ.(મીકે.) ૩/૧૯૮૫, ઉંચાઈ ૫'.૫" સુરત ખાતે એસ્સાર કંપનીમાં આસી. સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૬૨-

(૮) એમ.કોમ., પીજીડીસીએ., જ. ૬/૧૯૮૧ ઉંચાઈ ૫'.૭" ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. (એક સગાઇ ફોક થયેલ છે) સંપર્ક : ૦૨૮૧-

(૯) બી.ઇ. (ઇસી) સીસીએનએ., જ. ૧૨/૧૯૮૩, ઉંચાઈ ૫'.૩" નેશ. બેંકમાં આઇટી સીસ્ટમ ઓફીસર તરીકે નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૧૦) MD.,MBBS જ. ૧૧/૧૯૮૪ હાલ ઈન્ટર્નશીપ કરી રહેલ યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : મો. અંજાર

(૧૧) બી.એસ.સી. (ફીઝીકસ) જ. ૧૨/૧૯૮૪, ઉંચાઈ ૫'.૨" એસબીઆઈમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૧૨) બી. ઇ. (સી.ઇ) જ. ૨/૧૯૮૬, ઉંચાઈ ૫'.૧૦" બેંગલોર ખાતે એમએનસી કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૧૩) એસ.વાય.બી.એ., (અભ્યાસ ચાલુ) જ. ૮/૧૯૮૮ ઉંચાઈ ૫'.૨" વત્સપાલસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૪) એમ.બી.એ.(ફાઇ.) જ. ૧૯૮૫, ઉંચાઈ ૫'.૮" પ્રા. લી. કંપનીમાં ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૬ (અંજાર)

(૧૫) બી.કોમ.,એમ.એસ.સી.(આઇટી) ૩/૧૯૮૯ ઉંચાઈ ૫' નોકરી કરતી પાણ્યાનસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૬-

(૧૬) બી.ઇ.(આઇટી.) જ. ૧/૧૯૮૯ ઉંચાઈ ૫'.૭" ટયુશન કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૭૮-

**WED HELP** : લગ્નની સમસ્યામાં દેશ- પરદેશના બંધુઓના વિશાળ વર્ગના સંપર્ક સેતુથી જોડી વધુ સહાયભૂત થવાના ઉદ્દેશથી બરછીની વેબસાઇટ www.barchhi.com ઉપર શરૂ કરવામાં આવેલ છે. આ WED HELP પ્રોગ્રામ વિશે ઘણી પૂછપૂરછ કરાય છે...તેથી જણાવવાનું કે સંતાનની માહિતી પ્રો.માં આપેલ ફોર્મેટમાં પોતે જ રજીસ્ટર કરવાની હોય છે. જે વિના મૂલ્ય (ફ્રી) છે પરંતુ અન્ય પાત્રોની માહિતી જોવા-મેળવવા ઈચ્છતા જ્ઞાતિજનો **માત્ર રૂા. ૧૦૦/- ભરી ૧૫ 'પ્રોફાઇલ'** જોઈ શકે છે. વેબસાઇટ દ્વારા વધુ માહિતી મળશે. અથવા તેમાં જણાવેલ સમયે અને નં. ૫૨ મો. કરશો.

# દાદાના જયજયકાર સાથે ઠેર ઠેર પાટોત્સવની ઊજવણી

તા. ૧૭ એપ્રિલ...દાદાનો પ્રાકટયોત્સવ. શ્રધ્ધા ભકિત અને ભાવનાના સમન્વયનું પર્વ. આ પર્વની ઉજવણીની પરંપરા આજે પણ જળવાય રહેલ છે. ઘણાં ગામ/શહેરોમાં બંધુઓએ વ્યકિતગત સમગ્ર ખર્ચ ભોગવી ઉદાત ભાવના બતાવી...તો અન્ય શહેરોમાં પોતપોતાની રીતે ઉજવણી થઈ.

વર્ષો અગાઉ નાતમાં રસોઈ જ્ઞાતિજનો ભાઇઓ બહેનો દ્વારા થતી.પોતપોતાના થાળી વાટકા પણ ઘેરથી લાવવા ના હતાં કે પતરાવડાં હોય, પંગતોમાં (આજની પેઢીને જાણવા કે પંગત એટલે એક લાઈનમાં બધાએ)ગોઠવાઈ જવાનું. પીરસણીયા તરીકે રહેવા પણ પડાપડી થતી. નામ લખાવવાં પડતાં. મેનુ પણ ફીકસ...લાડુ કે મોહનથાળ,ગાંઠીયા દાળ ભાત શાક. સૌ દાદાના પ્રસાદ તરીકે સાથે મળીને આરોગતા. સામાજીક સમસ્યાઓ ઉકેલાઈ જતી. કાળ ક્રમે તેમાં ફેરફાર આવ્યા...રસોઈયા દ્વારા રસોઈ કરાવામાં આવી પછી તો પંગતો- પીરસણીયા - રસોઇયા પણ ગયા,આજે બુફે અને કેટરર્સ આવી ગયા.મેનુમાં પણ ધરખમ ફેરફારો આવી ગયા. ભલે પરંપરા જળવાઇ રહેલ છે પરંતુ આજે બદલાયેલ સમય સંજોગો સાથે પાટોત્સવની બદલાયેલ વ્યાખ્યા ભકિત અને જ્ઞાતિભાવના સાથે જ્ઞાતિમિલન, સુખ દુ:ખના સમાચારો માટેના આદાનપ્રદાન અને સામાજીક સમસ્યાઓનું નિવારણ કેન્દ્ર તેવી પણ કહી શકાય. આટલી પ્રાસ્તાવિક વાત એટલે કે કયાંક વડીલ આયોજકો દ્વારા જ્ઞાતિજનો નારજ થયા,જ્ઞાતિભાવના વિલુપ્ત થતી જણાઇ...જાગૃત પ્રહરી તરીકે તંત્રી સ્થાનેથી ટકોર આવતા અંકમાં વાંચશો. -તંત્રી.

**જામનગર :** શ્રી પર્જન્યભાઈ ભાનુશંકર અંતાણી તથા શ્રી હરીશચંદ્ર ભાનુશંકર અંતાણી બંધુઓનો વસવાટ ઘણા વર્ષોથી ભાવનગર...પરંતુ તેમના સ્વ. વડીલ માતા પિતા, મામાઓ, જામનગરના. તેથી આ વર્ષે જામનગર ખાતે પાટોત્સવનો સંપૂર્ણ ખર્ચ ભોગવી જ્ઞાતિ પ્રત્યે પોતાનું ૠણ અદા કરવા અનોખી રીતે પાટોત્સવ ઉજવી જ્ઞાતિભાવનાનું અનેરૂં દ્રષ્ટાંત પુરૂં પાડયું.

સવારે શ્રી હાટકેશ્વર મંદિરમાં લઘુરૂદ્ર મહાદેવજીને થાળ અને બ્રાહ્મણોને દક્ષિણા અને ઉપસ્થિતોને દૂધના સ્વાગતથી પાટોત્સવ ઉજવણીનો પ્રારંભ કર્યો હતો.

સાંજે દાદાની શોભાયાત્રાનો પ્રારંભ ફટાકડા બેન્ડના સૂરો, બગી, ઊંટગાડી સુશોભિત પાલખીમાં હાટકેશ દાદાને બીરાજમાન કરી થયો હતો. જ્ઞાતિનો નવલોહીયા રંગબેરંગી અબોટીયાં પરિધાન કરી ઉઘાડા પગે દાદાની પાલખી ઉપાડી નાગરપરામાંથી રાજમાર્ગ પર પસાર થયેલ. માર્ગમાં ડો. નીલાબેન બક્ષીએ તેમના માતુશ્રી વ. વસંતમાલતી કાન્તીભાઈ બક્ષીએ 'બાબા બક્ષીના ડેલા'ના નામથી જાણીતા તેઓના નિવાસસ્થાને દાદાનું પૂજન અર્ચન કર્યા બાદ સૌનું આઇસ્ક્રીમથી સ્વાગત કર્યું હતું. શોભાયાત્રાનું આખરી પ્રસ્થાન માર્ગમાં જય હાટકેશની ધૂન, અને બહેનાના ગરબા સાથે હાટકેશ્વર નીજ મંદિરે પહોંચેલ. બહોળી સંખ્યામાં જોડાયેલ અબાલવૃધ્ધોની હાજરીમાં દાદાની મહાઆરતી શ્રી પુષ્પેન્દ્ર છાયાએ ઉતારી હતી.શ્રીમતિ જીજ્ઞાશા છાયા તથા શ્રીમતી સોનલ નાણાવટી સંચાલનમાં અગ્ર રહેલ.

નોંધ લેવી ઘટે કે રાજકોટથી પાટોત્સવ પ્રસંગમાં હાજરી આપવા જામનગર ગયેલ અંતાણી કુટુંબીના જણાવ્યા મુજબ આખા દિવસનો વ્યસ્ત અને ભરચકક કાર્યક્રમો...લઘુરૂદ્ર, શોભાયાત્રા, સાંજની જમણવારની વાનગીઓ તૈયાર કરવામાં અને વિશેષ તો હાથે શીખંડ છણનારી યુવા ટીમ અને કાર્યકરો ખડે પગે હતા અને જાણે કે પોતીકો પ્રસંગ હોય તેમ પ્રસંગને દીપાવવા તત્પર જણાતા હતા...તો ગરબા,નાચગાન, ફટાકડાથી માહોલ ઉલ્લાસમય પણ જણાતો હતો. આવા સુંદર જ્ઞાતિગંગાના પ્રવાહમાં અંતાણી ભાઈઓના આમંત્રણને માન આપી ગામ પરગામના સગા સ્નેહીઓની પણ ખાસ ઉપસ્થિતીમાં જામનગરના ૧૧૦૦ જેટલા જ્ઞાતિજનોએ મહાપ્રસાદ આરોગેલ. અંતમાં શ્રી જનકભાઈ માંકડે અંતાણી ભાઈઓનો ઉપસ્થિત મેદનીને ટૂંકો પરિચય આપતાં તાળીઓના ગડગડાટથી સૌએ વધાવેલ.

અંતાણી ભાઈઓ તો ધન્યવાદને પાત્ર છે જ પરંતુ જ્ઞાતિભાવનાના પ્રવાહને શુધ્ધ ભાવે વહેતો

રાખનાર સર્વે પણ તેટલા જ અભિનંદનને પાત્ર છે.

**અમદાવાદ :** અત્રે શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના નેજા હેઠળ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સેટેલાઇટ વિસ્તારમાં આવેલ પરમધામના પટાંગણમાં આવેલ ગંગેશ્વર મહાદેવ ખાતે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવેલ. જેના પૂજનમાં પાંચ યુગલો સર્વશ્રી અમીત અને હીના દેસાઈ, ધીરેન અને જોલી વૈશ્નવ, હર્ષેન્દુ અને હીમાલી ઓઝા, ભદ્રેશ અને આશા ઝાલા, પાર્થ અને પાયલ બક્ષી બેઠાં હતાં. ધાર્મિક વાતાવરણમાં પૂજનવિધિ સંપન્ન થયા બાદ મંડળ તરફથી તૈયાર કરવામાં આવેલ પરિચય પુસ્તિકાનું વયોવૃધ્ધ વડીલ શ્રી કુમુદભાઈ દેસાઈના હસ્તે વિમોચન કરવામાં આવ્યા બાદ તેઓનું શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. જેનો પ્રતિભાવ તેઓના પૌત્રી વાગ્મી દેસાઈએ આપ્યો હતો.ત્યારબાદ મંત્રીશ્રી જયંતભાઈ વસાવડાના શાબ્દિક આવકાર બાદ ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વસાવડાએ ડીરેકટરી વિશે માહિતી આપી આ પ્રકાશનકાર્યમાં સમતિર્પત શ્રી અમીત દેસાઈની સેવાને બીરદાવી હતી. એપ્રિલ માસમાં પ્રમુખશ્રી નીલકંઠભાઈ ધોળકિયા તથા શ્રી મહેશભાઈ વસાવડાને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

મોટા કે મેટ્રો સીટીમાં તો પાટોત્સવ એટલે જ્ઞાતિમિલન, સુખ દુઃખના સમાચારો માટેના આદાનપ્રદાન અને સામાજીક સમસ્યાઓનું નિવારણ કેન્દ્ર.જેમાં સામેલ થવા દૂર-સુદૂરના વિસ્તારોમાંથી આશરે ૧૨૫૦ જ્ઞાતિબંધુઓ ઉમટી પડયા હતા. અંતમાં સૌ રસપુરી સમેતની વાનીઓથી પણ તૃપ્ત થઈ વિખરાયા હતાં.

(સંસ્થા દ્વારા પ્રસિધ્ધ કરાયેલ પરિચય પુસ્તિકામાં મંડળ સાથે સંકળાયેલા સૌ પદાધિકારીઓની જહેમત દેખાય છે. દરેક માટે અનેક રીતે મૂલ્યવાન આ ડીરેકટરીમાં જ્ઞાતિજનોના નામ, અટક (આલ્ફાબેટીકલી) સરનામા, ફોન-મો. નંબર, અભ્યાસ, વ્યવસાય, ઉંમર, બ્લડગ્રુપ ઉપરાંત પણ ઘણી ઉપયોગી માહિતી આપવામાં આવેલ છે. સભ્યો સિવાયના માટે જેની કિંમત રૂા. ૨૦૦/- રાખવામાં આવેલ છે. જે મેડીકલ ફંડમાં જમા લઈ વપરાશે. મંડળ નું ભંડોળ ખરેખર જ્ઞાતિ હીતાર્થે ઉપયોગમાં લેવામાં આવે છે. તેની પણ આ તકે નોંધ લઈ ધન્યવાદ આપીએ.)

**રાજકોટ :** તા. ૧૭-૪-૧૧ના રોજ પાટોત્સવ નિમિત્તે સવારે ૯ થી ૧૨ હાટકેશ્વર ખાતે હાટકેશ્વર સંસ્થાના ઉપક્રમે શ્રી ભરતભાઈ આચાર્યના આચાર્ય પદે સમૂહ લઘુરૂદ્રિ પૂજનનું આયોજન કરવામાં આવેલ. રવિવારને કારણે સારી સંખ્યામાં બંધુઓ પૂજન દર્શનમાં જોડાયા હતા. ૧૨ઃ૩૦ વાગ્યે થાળ -આરતી બાદ અંતમાં પરિમલભાઈ માંકડ તરફથી ઉપસ્થિત સૌનું આઈસ્ક્રીમથી સ્વાગત પણ કરાયેલ.




શ્રી હાટકેશ્વર સંસ્થા દ્વારા પંચનાથ મંદિર ખાતે સાંજે ૫ થી ૫ઃ૩૦ દરમ્યાન શિવસ્તોત્ર પાઠ બાદ શ્રી નંદલાલભાઈ ભાયાણી તથા શ્રી દેવાંગ માંકડનું સેવા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉલ્લાસમય વાતાવરણમાં સાંજે ૬ વાગ્યે હાટકેશ્વર મંદિરના ટ્રસ્ટી શ્રી સૂર્યકાન્તભાઈ છાયા તથા જયશ્રીબેન છાયાએ ઈષ્ટદેવનું પૂજનઅર્ચન કર્યા બાદ કલાત્મક રીતે ફૂલોથી સુશોભિત પાલખીમાં બીરાજેલ ઈષ્ટદેવ હાટકેશદાદાની શોભાયાત્રાનું પંચનાથ મંદિરેથી પ્રસ્થાન થયેલ. રવિવાર હોવાથી યુવા વર્ગની હાજરી ધ્યાન ખેંચતી જણાયેલ.મુગટાધારી નાગરોથી શોભિત શોભાયાત્રાનું દર વર્ષ મુજબ વેપારીઓ અને જનસમુદાયે પૂજન કરી આશિર્વાદ મેળવેલ. દર વર્ષ મુજબ શ્રી પ્રદ્યુમ્નભાઇ માંકડ તથા પંચનાથ મહાદેવ ટ્રસ્ટ તરફથી શીતળ રોઝ દૂધથી જ્યારે રૈયાનાકા ટાવર પાસે બાલગોપાલ તપકીરવાળા ભાયાણી પરિવાર દ્વારા ૪૦ વર્ષની પરંપરા મુજબ રવિવાર છતાં

ખાસ દુકાન ખોલી વરીયાળીના સરબતથી સૌનું સ્વાગત કરી હાટકેશ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા જોવા મળી.

બેન્ડની સૂરાવલિ અને વિવિધ નારાઓ,બહેનોની ધૂન સાથે બજારમાં રવિવારની શાંતિમાં ટ્રાફીકની અડચણ વિના પસાર થતી દાદાની પાલખીનું નગરજનોએ પૂજન કરતાં કરતાં શોભાયાત્રા હાટકેશ મંદિરે પહોંચતાં શ્રી મુકેશભાઈ માંકડ અને શ્રીમતિ ભામિનીબેન માંકડે દાદાને પોંખી સ્વાગત કર્યું હતું. બાદમાં ૭:૩૦ વાગ્યે થયેલ પૂજારી શ્રી ગીરીશભાઈ દ્વારા આરતીમાં ઢોલ ઉપર વિરંચી બુચ અને નગારા ઉપર તુષાર પોટાની જુગલબંદી અને સાથમાં રાજીવ વછરાજાનીના ઘંટનાદે રોમેરોમ ખડાં કરી દીધેલ. વાતાવરણ પણ દિવ્ય બની રહેલ.પ્રસાદ વિતરણ થયા બાદ સૌ વિખરાયેલ.

શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ દ્વારા શ્રી નાગર બોર્ડીંગ ખાતે સાંજે ૮ થી ૧૦ વાગ્યા સુધી યોજાયેલ સમૂહ ભોજનમાં ૧૦૦૦ જેટલા બંધુઓએ શીખંડ પુરી સમેતની વાનગી આરોગેલ. ગત વર્ષની જેમ જ સીનીયર સીટીઝનો માટે અલગ ટેબલ ખુરશી તથા પીરસવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. યુવા વર્ગ-વાલીઓની હાજરી ધ્યાનાકર્ષક રહેલ. અન્નનો બગાડ ઓછો થાય તે હેતુથી શ્રી મધુકરભાઈ વૈશ્નવ તરફથી સ્વચ્છ 'ડીશ' (ચોખ્ખી થાળી)માટે ઈનામો જાહેર કરાયેલ. જેમાં ૨૦૦ જેટલા બંધુઓ સામેલ થયેલ. ડ્રો પધ્ધતિથી ૩૧ ઈનામો અપાયેલ. (જો કે જ્ઞાતિમાં વંશપરંપરાગત ટેવથી અન્ય જ્ઞાતિનાના પ્રમાણમાં ઘણું ઓછો બગાડ થતો હોય છે તેની પણ નોંધ લેવી ઘટે.) શ્રી કૌશિકભાઇ પોટા, વિભાકર અંજારીયા, નૈષધ ધોળકિયા, મધુકરભાઇ- મનહરભાઇ વૈશ્નવ, સુરેશભાઇ છાયા સાથે શ્રી તરૂણભાઇ વૈશ્નવ, ચેતન છાયા, હિમાંશુ વૈદ્ય, નિલાંગ દેસાઈ, સુધાંશુ શુકલ ઉપરાંત શ્રી જે.ટી. બક્ષી, જયકાંતભાઈ છાયા જેવા વડીલો તેમજ ઘણા અનામી સેવકોની જહેમતથી આયોજન સફળ બનેલ.હિસાબની નકલ મળતાં તેમાં ૧૨૮૫૩ રૂા.ની પૂરાંત બતાવવામાં આવેલ છે. (જે સારી વાત છે પરંતુ ખુશીની નથી !)

**<u>વડોદરા :</u>** શ્રી હાટકેશ જયંતિ પ્રસંગે શ્રી કચ્છી નાગર મંડળ દ્વારા તા. ૧૭/૪/૧૧ના રોજ વિઠલનગર ગૃહ કારેલીબાગ ખાતે શ્રી પ્રકાશભાઈ તથા પુનિતાબેન વોરાના યજમાન પદે લઘુરૂદ્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મંડળની શૈક્ષણિક પ્રવૃત્તિને વર્ષ ૨૦૦૯-૧૧ના દાતાઓ તરફથી મળેલ રકમના વ્યાજમાંથી ધો. ૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરષ્કૃત કરવામાં આવેલ. તેમજ ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવેલ વિદ્યાર્થીઓનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત મંડળની જ્ઞાતિજનો પ્રત્યેની ભાવનારૂપે ૭૫ વર્ષ પૂર્ણ કરતા વડીલો ડો. રાજેન્દ્રભાઈ પી. ધોળકિયા, જયકિશોરભાઈ એસ. રાણા, ડો. જ્યોતિન્દ્રભાઈ એમ. અંજારીયા, જીતેન્દ્રભાઈ આર. વૈશ્નવ, યોગેન્દ્રભાઈ એમ. વોરા, શ્રીમતી હંસાબેન પી. રાણા, શ્રીમતી પુષ્પાબેન પી. વોરા, તથા શ્રીમતી બંસરીબેન આર. દેસાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં મેંગો ડીલાઈટ, ચોંટીયા લાડુ, ચીભડાં ઢોકળીના નવતર મેનુનો આસ્વાદ લઈ સૌ છૂટા પડયા હતા.

**<u>વડોદરા :</u>** અત્રેના ઐતિહાસીક અંબાજી મંદિર ઘડીયાળી પોળ માંકડવીથી પરંપરાગત હાટકેશ દાદાની રવાડી નીકળેલ જે ગામતળના વિસ્તાર માર્ગેથી મંગળ બજાર ખાતે આવેલ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર આવેલ. જ્યાં લઘુરૂદ્ર, હાટકેશ સ્તુતિ ઈત્યાદિ પૂજન અર્ચન કરવામાં આવેલ. વિવિધ જગ્યાએ જ્ઞાતિ મંડળો દ્વારા સમૂહભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**<u>અમરેલી :</u>** તા. ૧૭/૪ના રોજ હાટકેશ મંડળ દ્વારા જીવન મુકતેશ્વર મંદિર ખાતે પાટોત્સવ નિમિત્તે

સવારે ૧૦:૩૦ વાગ્યે શિવમહીમ્ન સ્તોત્ર, હાટકેશ્વર સ્તોત્ર મહામૃત્યુંજય જાપ વગેરેનું પઠન કરવામાં આવ્યા બાદ જ્ઞાતિજનોએ પ્રસાદી રૂપે શીખંડ,પુરી સમેતની વાનીઓને ન્યાય આપી સૌ છૂટા પડેલ. શ્રી તારક મંકોડી, ભાલચંદ્ર જોષીપુરા, જ્વલંત ત્રવાડી, મીતુલ ઓઝા, સાગર વ્હોરા તથા ભષ્માંગ ત્રિવેદીની જહેમતથી આયોજન સફળ બની રહેલ.

**જૂનાગઢ :** અત્રેનાં સુ. શ્રી જાગૃતિબેન ખારોડે તા. ૧૭ એપ્રિલના રોજ પાટોત્સવ નિમિત્તે ઉજવણી તથા સમૂહ ભોજનનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવી નાત જમાડી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડયું. તેઓએ આઇટી



એજ્યુ. ટ્રસ્ટની સ્થાપના પ્રસંગે, તેમની ષષ્ઠીપૂર્તિ ઉજવણી પ્રસંગે તથા આ પાટોત્સવ નિમિત્તે તેમ માત્ર ૧૫ માસમાં ત્રણ વાર જ્ઞાતિને સમૂહભોજનના કાર્યક્રમ યોજી જ્ઞાતિ પ્રત્યે શુભલાગણી વ્યકત કરી. જે બદલ સમસ્ત જ્ઞાતિની બહોળી ઉપસ્થિતિ વચ્ચે જાગૃતિબેન ખારોડને શાલ ઓઢાડી મોમેન્ટો આપી, સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. તસ્વીરમાં જ્ઞાતિ પ્રમુખશ્રી નીરજભાઈ વૈદ્ય, મોભીશ્રી મહેશ્વરભાઈ પંચોળી,નિવૃત્ત ડે. કલેકટરશ્રી શ્રીકાંતભાઈ જોષીપુરા તથા ટ્રસ્ટના પ્રમુખશ્રી સંજીવ મહેતા, નિવૃત્ત કેળવણીકાર સુ. શ્રી ઈલાબેન સાથે જાગૃતિબેન ખારોડ(ડાબેથી બીજાં) અને વિશાળ જ્ઞાતિ સમુદાય દ્રષ્ટિગોચર થાય છે.

**ઉના :** દર વર્ષ મુજબ પાટોત્સવની આનંદભેર ઉજવણી કરવામાં આવી. શ્રી કનકેશ્વરી માતાજીના મંદિરના સંકુલમાં સ્વ.મુ.શ્રી પાંડવરાય વૈષ્ણવના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી અતિશભાઈ વૈષ્ણવના સૌજન્યથી સૌએ શ્રીખંડ,પુરી, બટેટાવડાનું પ્રસાદ ભોજન આરોગેલ.શ્રી થિયુકેશભાઈ દેસાઈ અને શ્રી મુકેશભાઈ દેસાઈની જહેમતથી આયોજન સફળ બની રહેલ.

દેલવાડાના શ્રી કનકેશ્વરી મંદિરમાં ચૈત્રી નવરાત્રી નિમિતે માતાજીના તેર કવચના ગરબાંનું આયોજન કરવામાં આવ્યું હતું.

**જામખંભાળીયા :** તા. ૧૭/૪ના રોજ પરંપરાગત રીતે પાટોત્સવ ઉજવવામાં આવેલ. સવારના ૯ થી ૧૨ દરમ્યાન યોજાયેલ લઘુરૂદ્રના યજમાન પદે હતા તમામ ખર્ચ ભોગવનાર શ્રી વદનકુમાર એ. ઢેબર. યજમાન તરફથી આઈસ્ક્રીમથી સૌનું સ્વાગત કરવામાં આવેલ. ફૂલ પૂજા અને રોશનીના ઝળહળાટ સાથેના હાટકેશ્વર મંદિરની તાલબધ્ધ મહાઆરતીમાં જ્ઞાતિજનો ઉત્સાહભેર સામેલ થયેલ. સાંજના પાટલા પંગતમાં ઘણાએ સ્વેચ્છાએ અબોટીયા પણ ધારણ કરેલ. નાતની શીખંડ,પુરી બટેટાવડાં સમેતની જમણવારનો સંપૂર્ણ ખર્ચ મૂળ ખંભાળીયા હાલ જામનગર વસતા શ્રી રમણચંદ્ર મહાશંકર માંકડે ભોગવેલ હતો.અંતમાં રોહિણીબેન ઓઝા તરફથી પાનના બીડા લઈ અસલ નાગરો વિખરાયા હતા. નામી અનામી કાર્યકરોની જહેમતે સવાર સાંજના પ્રસંગમાં રંગ લાવેલ.

**ભાવનગર :** શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે યોજાયેલ લઘુરૂદ્રમાં ચિંતન રશ્મિભાઈ દેસાઈ, અક્ષયભાઈ વૈદ્ય, ભવતોષભાઈ દેસાઈ, જિજ્ઞાસુ મહેતા, નૈવેદ્યભાઈ તથા મૌલીનભાઈ વૈદ્ય યજમાન તરીકે બેઠા હતા. શ્રી મહિપતભાઈ જોષીએ શાસ્ત્રોકત પૂજન કરાવ્યુ હતું. ત્યારબાદ હરિનાગર નિવાસ ખાતે યોજાયેલ પ્રસાદી ભોજનમાં વિશાળ સંખ્યામાં હાજર રહેલ. કાર્યકરોની જહેમતથી બંને આયોજન સફળ બનેલ.

**Bangalore :** By e mail from Jignesh K. vasavada
Ta. 17/04/2001 na raoj, Shree Anurag Desai and Shrimati Srushti Desai na sahayoug thi Shree Hatkesh Dada no patotsav Belandur khate ni temani society na club house ma yojai gayo. Gynati na lagbhag 70 thi 75 hatkesh bandhu ni upasthiti ma sau pratham shree dada ni stuti ane vandana nu pathan thayu.Tyar bad loko e, shrikhand, poori, katlesh, mag ni chhoti dal, kofta, mix shak, kadhi, pulav no rasswad manyo hato.
Utsahbher prasang ne manya bad, Bangalore sthit vasata gynatijano e bhavishay ma aa prakar na Functions thata rahe te mate potava suchan and utsah darshavya hata.

**આણંદ :** શ્રી નાગર મંડળ, આણંદ દ્વારા હાટકેશદાદાના પાટોત્સવ ઉત્સવની તા.૧૭.૪.૨૦૧૧ના રવિવારના રોજ ધામધુમથી ઉજવણી કરવામાં આવેલ. સવારના ૯.૩૦ થી ૧૧.૦૦ રાધા કૃષ્ણ મંદીર, ખાતે પુજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. સાંજના ૬.૦૦ થી રાત્રીના ૯.૦૦ સુધી રોટરી હોલ ખાતે શ્રી જીતેન્દ્રભાઈ ધોડાના મુખ્ય મહેમાન પદે સાંસ્કૃતિક કાયૃક્રમનું આયોજન કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં બાળકો, યુવાનો અને વડીલોએ ભાગ વૈવિધ્યસભર કાર્યક્રમ રજૂ કરેલ. સાથે સાથે જ્ઞાતિના વરિષ્ઠ જ્ઞાતિજનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સમુહભોજનનો પ્રસાદ લઈ સૌ છૂટા પડેલ. તમામ કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**પોરબંદર :** દાદાનો પાટોત્સવ નવનિર્મિત હાટકેશ્વર મંદિરના લોકાર્પણ સાથે રંગેચંગે ઉજવાઈ ગયો. સવારે લઘુરૂદ્ર બાદ સ્વ. રેખાબેન તથા સ્વ. ઉમાકાન્તભાઈ વસાવડાના સ્મરણાર્થે તેમનાં સંતાનો ડો. મિલન તથા ડો. નિર્ઝરીએ તેમના પરિજનો ડો. નીતા તથા ડો. હિરેન સાથે પૂજનવિધિ કરી ભકત કવિ નરસિંહ મહેતાની ૩'ની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

સાંજે શ્રી હર્ષદભાઈ તથા રવિન્દ્રભાઈ દેસાઈના સંપૂર્ણ આર્થિક યોગદાનથી સમૂહભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક પ્રસંગમાં જ્ઞાતિજનોએ ઉલટભેર જોડાયાં હતાં.

**નોંધ લેશો :** આવતા માસથી પરિણામો આવવાં શરૂ થશે. ધો. ૧૦ અને ૧૨માં ૬૦% કે તેથી વધુ ટકા સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના તેમજ કોલેજમાં પ્રથમ અને દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના પરિણામો પ્રસિધ્ધ કરવામાં આવે છે. પરિણામ જાહેર થયે તુરત લખી મોકલો કે સાંજે ૪ વાગ્યા પછી ફોન ઉપર લખાવી આપો. ભવિષ્યમાં તમને કે બીજાને તેનો લાભ મળશે ! બોર્ડ, કેન્દ્ર કે શહેરમાં પ્રથમ દસ ક્રમમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના અને અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ સાથે સફળ થનાર વિદ્યાર્થીઓના ફોટા છાપવામાં આવે છે. ફોટાની પ્રસિદ્ધિ માટે વીગત સાથે રૂા. ૫૦/ મોકલવાના રહે છે. ફોટા ઘણા આવતા હોવાથી આપ જે ફોટો મોકલો તેની પાછળ નામ અને જે ક્ષેત્ર (પરિણામ કે અન્ય જે કોઈ) માટે હોય તે અચૂક લખવા અને ફોટો સ્ટેપલ ન કરવા વિનંતી છે.

આપના પ્યારાં ભૂલકાંઓના કાળજીભર્યા ઉછેર
તથા સર્વાંગી કેળવણી માટે...
પ્રતીક્ષા ધોળકિયા–M.A.,B.Ed.(Eng.)
**તા. ૧૬ જૂનથી શરૂ કરી રહયાં છે...**
**LITTLE SHINERS**
**PRE SCHOOL**
**PLAY HOUSE & NURSERY**
૯૧ કોટેચાનગર, કોટેચાનગર મેઇન રોડ,
રાજકોટ. મો. ૯૮૨૪૮ ૧૩૪૩૮

**ઓફીસ ઈન્ચાર્જ જોઈએ છે...**
રાજકોટ, અમદાવાદ, વડોદરા ખાતે ગુજરાતની 'Rent a Car'એજન્સી માટે મહાત્વાકાંક્ષી, ઉત્સાહી અને કોમ્પ્યુટર જાણકાર ગ્રેજ્યુએટ – એમબીએ ઉમેદવાર તાત્કાલીક જોઈએ છે...
**સંપર્ક : બાબા ટ્રાવેલ્સ, ૯૯૨૫૨ ૯૯૨૫૨**

## જામનગર ખાતે યોજાય ગયેલ સ્વ. બંકુ માંકડ સ્મૃતિ ક્રિકેટ ટુર્નામેન્ટ

જામનગરે વિનુ માંકડ જેવા અનેક 'લીજેન્ડ' ક્રિકેટરો દેશને ભેટ આપ્યા છે. આવી ક્રિકેટનગરી જામનગર ખાતે એક ટુર્નામેન્ટ દરમ્યાન જ અચાનક નિધન થયેલ અચ્છા ક્રિકેટ ખેલાડી સ્વ. બંકુ માંકડ ની સ્મૃતિમાં દર વર્ષે શ્રી હાટકેશ યુવા પાંખ દ્વારા એનપીએલ. ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.



આ વર્ષે તા. ૨૨ એપ્રિલથી આ ત્રિદિવસીય ટુર્નામેન્ટનો પ્રારંભ થયેલ. જેમાં ભુજ, રાજકોટ, માંગરોળ જૂનાગઢ, પોરબંદર, ગાંધીધામ, તથા જામનગરની કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે તા. ૨૨ની સવારે ૮ કલાકે એથ્લેટસ મશાલના આગમન દ્વારા ટુર્નામેન્ટનો દબદબાભેર પ્રારંભ થયેલ. બંકુ માંકડની તસ્વીર અને કપ પાસે જ્ઞાતિ વરિષ્ઠો દ્વારા દિપ પ્રાગટય કરી શાંતિના દૂત કબુતરની પેરને ઉડાડવામાં આવ્યા બાદ તમામ ટીમોના 'માર્ચપાસ્ટ' થી ટુર્નામેન્ટ ખુલ્લી મુકવામાં આવી હતી. શ્રી અચુભાઈ માંકડ દ્વારા પ્રથમ બોલ રમી ટુર્નામેન્ટ વિધિવત શરૂ કરાયેલ. ૧૦ ઓવરના પ્રત્યેક મેચમાં બે મેચ રમવા પડે તેવા નિયમ મુજબ આ ટુર્નામેન્ટ રમાડવામાં આવેલ. જેમાં દરેક ટીમે ૯૦ ઉપર રન કરવામાં સફળ રહેલ. જામનગર બી ટીમના એક મેચમાં ૧૭૦ રન અને એક ખેલાડીના ૧૦૪ નોંધપાત્ર રન હતા. તા. ૨૪ સવારે જામનગર-એ વિરૂધ્ધ ભુજ-એ અને જામનગર-બી વિરૂધ્ધ રાજકોટ-એ વચ્ચે ૧૨ ઓવરની સેમીફાઈનલ મેચ રમાયેલ. જેના વિજેતા જામનગર-એ વિરૂધ્ધ રાજકોટ-એ ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમાયેલ. જેમાં જામનગર-એ વિજેતા બનેલ. જેના મેન ઓફ ધી મેચ કેયૂર રીંડાણી તથા મેન ઓફ ધી સીરીઝ અક્ષત બુચ જાહેર કરાયા હતા.

તા. ૨૪ સાંજે યોજાયેલ સમાપન સમારંભમાં ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી શ્રી શિરીષ બુચ તથા શ્રી ચંદ્રશેખર બક્ષીની મુખ્ય અતિથિની વિશેષ ઉપસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય સ્કોરર અને અમ્પાયર એવા જ્ઞાતિના શ્રી અંબરીષ રીંડાણીને 'લાઈફટાઇમ એચીવમેન્ટ અવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર ટુર્નામેન્ટમાં શ્રી દર્શિક પંડયા, હેમાંગ બુચ, હિતેષ પોટા, નીલેષ ઓઝા વગેરેએ સ્કોરર તરીકે પોતાની સેવા આપી હતી. જ્યારે શ્રી હરેશરામ ઓઝાની લાઇવ કોમેન્ટ્રી સાથે શ્રી પી. ટી. બક્ષીની એકસપર્ટ કોમેન્ટસએ દરેક મેચને જીવંત અને ઉત્સાહપ્રેરક બનાવેલ.

જ્ઞાતિજનોના ઉત્સાહ અને નામી-અનામી યુવા ટીમની મહેનત અને જહેમતથી ટુર્નામેન્ટ સફળતાને વરી હતી.

**અવસાન નોંધ :** - નલીનકાન્તભાઈ બિહારીભાઈ બુચનું ૭૫ વર્ષની વયે અમદાવાદ ખાતે અવસાન. ગં. સ્વ. કિશોરીબેન (કિરણાબેન) પરશુરામભાઈ ઓઝાનું ૭૩ વર્ષની વયે અમદાવાદ ખાતે અવસાન. - વસુમતિબેન પાઠકનું ૭૬ વર્ષની વયે વલસાડ ખાતે. - શ્રી હર્ષકાન્તભાઈ કુસુમભાઈ દિવાનનું ૮૧ વર્ષની વયે ગોંડલ ખાતે અવસાન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ. (મો. ૯૪૦૮૧ ૪૮૬૬૭)
-શ્રીમતી જયશ્રીબેન ઉપેન્દ્રરાય નાણાવટીનું ૭૪ વર્ષની વયે સિધ્ધપુર (પાટણ) ખાતે. - શ્રીમતી વત્સલાબેન રાસબિહારીભાઈ વૈશ્નવનું વડોદરા ખાતે. - રજનીકાન્તભાઈ રમણીકરાય માંકડનું મુન્દ્રા ખાતે. - શ્રીમતી દ્વારામતિબેન કૃષ્ણકાન્તભાઈ રાણાનું મુંબઈ ખાતે.

## 'નાગરરત્ન' ડો. ઉપેન્દ્ર બક્ષી 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત થયા

જ્ઞાતિના નભોમંડળમાં આજે પણ તેજસ્વી તારલાઓ છે જે જ્ઞાતિનેજ નહીં પરંતુ સમાજને તેજવંતુ



રાખી રહયા છે. આજે શિક્ષણ ક્ષેત્રનું વ્યાપારીકરણ થતાં અનેક બદીઓથી ખદબદી રહેલ છે ત્યારે દેશમાં પ્રમાણિક અને પ્રતિભાવાન યોગ્ય વ્યકિત તંત્રને કેવું સુદ્રઢ બનાવી શકતી હોય છે તેનું જીવંત અને જ્વલંત ઉદાહરણ શ્રી ઉપેન્દ્રભાઈ બક્ષી છે...

આવા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કાયદા વિદ ડો. ઉપેન્દ્રભાઈ બક્ષીને તા. ૧/૪/૧૧ના રોજ રાષ્ટ્રપતિના હસ્તે દેશના સર્વોચ્ચ સન્માન 'પદ્મશ્રી' એવોર્ડથી મોડે મોડે પણ સન્માનિત કરવામાં આવ્યા. ૧૯૩૮માં રાજકોટમાં જન્મેલ પુત્રના લક્ષણ પારણાથી તે કથન મુજબ ઉપેન્દ્રભાઈ બાળપણથીજ અભ્યાસમાં તેજસ્વી તેમજ ઈતરપ્રવૃત્તિઓમાં પણ અગ્ર રહેતા. નાગરના ગુણો સ્નેહ, સંસ્કાર, પરગજુ સ્વભાવ પણ ખરાજ. તેઓની કારકિર્દીની ઝલક વાંચતા જ થશે કે દેશમાં પ્રતિભાસંપન્ન વ્યકિતનું પણ સન્માન અને કદર થાય છે ખરાં! (નોંધ લેવી ઘટે કે અમદાવાદના રઘુવીરભાઈ ખારોડે લખી મોકલેલ આ ગુજરાતી માહિતી સાથે અંગ્રેજીમાં મોકલેલ કારકિર્દીની પૂરી વીગત છાપીએ તો એક વિશેષાંક જેટલી થાય તેમ છે.)

શ્રી ઉપેન્દ્રભાઈ બક્ષી ૧૯૫૯માં ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી વિષય સાથે બી.એ. થયા. ૧૯૬૪માં બોમ્બે યુનિ.માંથી પ્રથમ નંબરે એલ.એલ.બી,તેમજ ૧૯૬૭માં કેલીફોર્નિયા યુનિ.માંથી એલ.એલએમ. થયા. ૧૯૭૨માં જેએસડી (ડોકટર ઓફ જ્યુરીસપ્રુડન્સ) થઈ ડોકટરેટની પદવી મેળવી પરદેશમાં ભારતનું નામ રોશન કર્યું. વર્ષ ૧૯૬૭થી ૬૮ દિલ્હી યુનિવર્સિટીમાં રીસર્ચ પ્રોફેસર તરીકે સેવાઓ આપી. '૭૮-'૮૧ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નેશનલ ફેલોશીપ મેળવી. ૧૯૭૩ થી ૯૬ દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર ઓફ લો તરીકે કાર્યરત રહયા. સન્માનો મેળવ્યાં. કેન્દ્ર સરકારે તેઓની ખ્યાતિ, જ્ઞાન અને અનુભવને ઘ્યાનમાં લઈ વર્ષ ૧૯૮૨ થી ૮૫ માટે તેઓની સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે વરણી કરી. યુનિવર્સિટીની અઘ્યયન અને વહીવટી ક્ષેત્રે કથળેલી પરિસ્થિતિને વ્યવસ્થિત કરવા અસંખ્ય પરિષદો, અધિવેશન તથા સેમીનારો યોજી કેટલાકા આમૂલ પરિવર્તન દ્વારા યુનિ.નું નામ દેશમાં તેમજ વિશ્વના નકશા ઉપર ગૂંજતું કર્યું જે શ્રી બક્ષીની મહાન ઉપલબ્ધિ ગણાય. સામાન્ય રીતે શિક્ષણ સાથે સંકળાયેલ અને આવા હોદા ઉપર બિરાજેલ વ્યકિત વાણીશૂરા હોય છે પરંતુ આ બાબતે ઉપેન્દ્રભાઈ જેવા કોઇક જ વિરલા કાર્યશૂરા હોય છે !

શ્રી ઉપેન્દ્રભાઈ પરમાર્થી પણ ખરા...તેથી તેઓએ સુરતના વણાટ ઉદ્યોગના કારીગરો તથા ધરમપુરના આદિવાસીઓનું સર્વેક્ષણ કરી તેમના વિકાસ અને ઉધ્ધાર માટે વિવિધ યોજનાઓ ઘડી અમલમાં પણ મુકાવી. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતની પ્રજા માટે મસીહા બની રહયા.

સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં તેઓએ કરેલી યશસ્વી કામગીરીની નોંધ લઈ દિલ્હી યુનિવર્સિટીનું તંત્ર સુધારવા ૧૯૯૦ થી ૧૯૯૪ માટે ઉપકુલપતિ પદે નિયુકત કરવામાં આવ્યા. આ પાંચ વર્ષના સમયગાળ ા દરમ્યાન ઉમદા કાર્ય દ્વારા યુનિવર્સિટીને ફરી પ્રતિષ્ઠા બક્ષી.

ઉપેન્દ્રભાઈ બક્ષીએ વિદેશમાં પણ સિદ્ધિ અને પ્રસિદ્ધિ મેળેવેલ જેમાં...વર્ષ ૧૯૭૬થી ૯૮ દરમ્યાનમાં ન્યુ સાઉથવેલ્સ યુનિ.(સીડની)માં ફેલોશીપ મેળવી કરેલ કાર્ય, કેનબેરો, વિકટોરીયા યુનિ., વોશીંગ્ટન યુનિ. જેવી અનેક યુનિવર્સિટીઓમાં વીઝીટીંગ પ્રોફેસર તરીકે આપેલ સેવાઓનો સમાવેશ થાય છે. તેઓ યુનિવર્સિટી ઓફ વોરવીક (યુ.કે)માંથી નિવૃત્ત થતાં સન્માન રૂપે તેઓના કાયદા ક્ષેત્રના કાર્યો, સેમીનારો,વ્યાખ્યાનો, રીસર્ચપેપરોનું આશરે ૧ હજાર પાનાનું મૂલ્યવાન પુસ્તક અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

આવી યશસ્વી કારકિર્દી ધરાવતા 'નાગર રત્ન' ઉપેન્દ્રભાઈએ જ્ઞાતિને ગૌરવાન્વિત કરી છે ત્યારે સમસ્ત જ્ઞાતિ વતી અભિનંદન સહ અનેક સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા પાઠવીએ.